# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઉમેદવારો માટેની સૂચનાઓ

## પેટા-ચૂંટણી –૨૦૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ–૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(૭) “સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો મત વિભાગ”ના સંવર્ગોના સભ્યોની પેટા-ચૂંટણી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ–૫ અનુસાર યોજાનાર છે. પેટા-ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છુક અરજદારોએ ધ્યાનમાં રાખવા માટેની સૂચનાઓ નીચે મુજબ છે.

(૧) બોર્ડ સભ્યોની પેટા-ચૂંટણી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ–૫ હેઠળ રચાયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-૮માં નિર્દેશ કર્યા અનુસાર નિયત થયેલ ઉમેદવારી પત્ર (નમૂનો-ક) મુજબ બોર્ડ દ્વારા તૈયાર કરેલ ઉમેદવારી પત્ર જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી અને રાજય કક્ષાએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરીએથી મેળવી શકાશે. ઉમેદવારી પત્ર ભરી તેની સાથે સામેલ રાખવાના જરૂરી આધાર પુરાવાઓ સાથે બોર્ડે જાહેર કરેલ જાહેરનામા મુજબ તા.૨૮/૦૯/૨૦૨૬ને સોમવારથી તા.૧૨/૧૦/૨૦૨૬ને સોમવારના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધીમાં બોર્ડની કચેરીમાં જરૂરી આધારો સહ રૂબરૂ જમા કરાવવાના રહેશે. જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન ચૂંટણી અધિકારીશ્રી અને સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરી, સેકટર-૧૦/બી, ગાંધીનગર ખાતે રૂબરૂમાં પહોંચ મેળવીને જમા કરાવવાના રહેશે.

(૨) અરજદાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ–૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ–(૭)માં દર્શાવેલ સંવર્ગ માટે ઉમેદવારી નોંધાવવા માંગતા હોય તે સંવર્ગની મતદાર યાદીમાં તેઓનું નામ મતદાર તરીકે નોંધાયેલુ હોવુ જોઈશે અને મતદાનની તારીખે મતદાન કરવાની પાત્રતા ધરાવતા હોવા જોઈએ.

(૩) બોર્ડની પેટા-ચૂંટણી માટે ઉમેદવારી પત્રમાં દરખાસ્ત કરનાર વ્યક્તિ ઉમેદવારી પત્રમાં જે ખંડ–(૭) માટે ઉમેદવારના નામની દરખાસ્ત કરી હોય તે સંવર્ગની મતદાર યાદીમાં તેઓનું નામ મતદાર તરીકે નોંધાયેલુ હોવુ જોઈશે અને મતદાનની તારીખે મતદાન કરવાની પાત્રતા ધરાવતા હોવા જોઈએ.

(૪) બોર્ડની પેટા-ચૂંટણી માટે બોર્ડ દ્વારા આપવામાં આવેલ અસલ ઉમેદવારી પત્રમાં જ ભરવાની રહેશે જે તમામ વિગતો સુવાચ્ય અને સ્પષ્ટ અક્ષરોમાં વાંચી શકાય તે રીતે હાથ વડે લખીને ભરેલી હોવી જોઈશે. ઉમેદવારી પત્રમાં **ઉમેદવારનું નામ મતદાર યાદીમાં દર્શાવ્યા મુજબનું અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં ભરવાનું રહેશે. ઉમેદવારી પત્રમાં ઉમેદવારના નામ સિવાયની બાકીની વિગતો ગુજરાતીમાં ભરવાની રહેશે તથા ઉમેદવારી પત્રની નકલ કે ઝેરોક્ષ નકલ માન્ય ગણવામાં આવશે નહીં.**

(૫) ઉમેદવારી પત્ર રજૂ કરતી વખતે નીચે મુજબના આધારો અવશ્ય જોડવાના રહેશે.

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ–૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(૭) ના ઉમેદવારોએ રજૂ કરવાના આધારો.

(ક) જન્મ તારીખના પુરાવા તરીકે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા SSCE પરીક્ષા પાસ કર્યાના પ્રમાણપત્રની સ્વયં પ્રમાણિત નકલ.

(ખ) જે સંવર્ગ માટે ઉમેદવારી પત્ર રજૂ કરવામાં આવેલ છે તે સંવર્ગ માટેની નિયત થયેલ લઘુત્તમ શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાતના ગુણપત્રક / પ્રમાણપત્ર અને જે હોદ્દો ધરાવે છે તે હોદ્દાની નિમણૂંકના પત્રની સ્વયં પ્રમાણિત નકલ.

(ગ) ઉમેદવારી પત્ર સાથે જે ખંડ માટે ઉમેદવારી કરવાની છે તે ખંડ માટે નિયત કરેલ નમૂના- (A) મુજબનું નોટરાઈઝ સોગંદનામું.

(ઘ) ઉમેદવારી પત્ર સાથે જે ખંડ માટે ઉમેદવારી કરવાની છે તે ખંડ માટે નિયત કરેલનમૂના- (B) મુજબનું ના-વાંધા પ્રમાણપત્ર

(ચ) જે કિસ્સામાં ઉમેદવાર તેઓના પ્રતિનિધિ દ્વારા ઉમેદવારી પત્ર રજૂ કરવા માંગતા હોય તેઓએ આ સાથે સામેલ નમૂના – (C) મુજબ ઉમેદવારના પ્રતિનિધિને અસલ સહીવાળો અધિકાર પત્ર આપવાનો રહેશે. તે સિવાય ઉમેદવારી પત્ર સ્વીકારવામાં આવશે નહીં.

(૬) ઉમેદવારે ખંડ-૭ માટે ઉમેદવારી કરવાની છે તે માટે નિયત કરેલ નોટરાઈઝ સોગંદનામુ નમૂના– (A) મુજબનું રૂપિયા ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર રજૂ કરવાના રહેશે.

(૭) ઉમેદવારે ખંડ-(૭) "સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો મત વિભાગ" માટે નિયત કરેલ [નમૂનો –(B)] મુજબના **'ના-વાંધા પ્રમાણપત્ર'માં શાળાના આચાર્ય/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સહી-સિક્કા અવશ્ય લગાવવાના રહેશે**.

(૮) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની વેબસાઈટ **gsebeservice.com** ઉપર નીચે દર્શાવ્યા મુજબના ઉમેદવારો માટેના અગત્યના આધારો, સૂચનાઓ અને અન્ય નમૂનાઓ મુકવામાં આવેલ છે. જેનો અભ્યાસ કરી ઉમેદવારી કરવી.

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ–૫ હેઠળ રચાયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો"(પરિશિષ્ટ-અ)

(૨) ઉમેદવારી પત્ર સાથે ખંડ-૭નું નિયત કરેલ નોટરાઈઝ સોગંદનામુ[નમૂનો –(A)]

(૩) ઉમેદવારે ખંડ-(૭) મુજબ નિયત કરેલ ના-વાંધા પ્રમાણપત્ર [નમૂનો –(B)]

(૪) ઉમેદવારી પત્ર પ્રતિનિધિ દ્વારા રજૂ કરવા [નમૂનો – (C)]

(૫) સભ્યોની પેટા-ચૂંટણી–૨૦૨૬ મત વિભાગોની વિગત દર્શાવતુ પત્રક

**Sd/-**

(આર.આર.વ્યાસ)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૨૫/૦૯/૨૦૨૬